**<u>દિવાની પરચુરણ અરજ નં.૦૮/૨૦૨૪</u>**

**<u>–: આંક–૧ લગત હુકમ :–</u>**

**(૧)** સદરહું અરજી વંચાણે લીધી તથા જે તે સમયે સદરહું અરજી પર હુકમ કરી તેને કેંસલ કરવામાં આવેલ, પરંતુ અરજદારે નામ. ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સિવિલ એપ્લીકેશન નં.૩૬૧૮/૨૦૨૬ થી અત્રેની નામ. કોર્ટનો હુકમ પડકારેલ હતો. જેમાં નામ. ગુજ. હાઈકોર્ટે સદરહું સ્પે. સિવિલ એપ્લીકેશન નં.૩૬૧૮/૨૦૨૬ ના કામે પેરા–૦૯ માં એવું જણાવેલ છે કે, "Thus, in view of the aforesaid peculiar facts of the present case, the impugned order dated 13.01.2026 passed by the Reference Court in C.M.A No.08/2024 is hereby set aside. The Reference Court is directed to decide the application preferred by the petitioner for making necessary correction in the Judgment and Award dated 31.03.2011 passed in Land Reference Case No. 767 of 2006 by adding Revenue Survey No. 81 of Village: Chatawada, Taluka Siddhpur, District: Patan, after verifying/scrutiny of the materials and record and without being influenced by the observations made in its earlier order dated 13.01.2026, as expeditiously as possible and preferably within a period of 3 months from the date of receipt of copy of this order. On scrutiny of the materials, if the Reference Court arrives at a conclusion that through oversight the said Survey No.81 is not included in the judgment and Award dated 31.03.2011, in that event, it shall pass necessary 'order correcting the Award dated 31.03.2011 by adding the aforesaid Survey No.81 in the Award and pay the additional amount of compensation as per the terms of original Award dated 31.03.2011. The Reference Court is also directed to observe in the Award that petitioner is entitled to get the interest as per the terms of the original Award dated 31.03.2011 only up to 20.02.2018 i.e. the date on which the

petitioner acquired knowledge about the fact of exclusion of Survey No.81 in the Award."

(૨) સદરહું નામ. ગુજરાત હાઈકોર્ટના હુકમને ધ્યાને રાખી હાલની અરજી જે કેંસલ થયેલ હતી તેને રીસ્ટોર કરેલ હતી અને પક્ષકારોને નોટીસ કાઢેલ હતી. હાલની અરજી કરી અરજદારે દાદ માંગેલ હતી કે, એલ.એ.આર. ૭૬૭/૨૦૦૬ ના કામે નામ. કોર્ટે તા.૩૧/૦૩/૨૦૧૧ ના રોજ જે ચુકાદો આપેલો છે. તે ચુકાદાના પેરા નં.૮ પેજ નં.૭ ઉપર જે કોષ્ટક છે તેમાં સર્વે નં.૮૧ કે જે ખરેખર સંપાદન થયેલ છે. તે લખેલ નથી અને ફક્ત સંપાદન નં.૮૦ નો ઉલ્લેખ થયેલ છે. જે આ કામના અરજદાર મુમુન યાસીન સુલેમાનના નામનો જ હતો અને તેથી હાલની અરજીમાં જણાવ્યા મુજબની દાદ માંગેલ છે.

(૩) ઉપરોક્ત હકીકતને ધ્યાને રાખી આ કામના સામાવાળાઓ તરફે વિદ્વાન ડી.જી.પી.શ્રીની કચેરીમાં નોટીસ બજાવતા તે નોટીસ સંદર્ભે તેઓએ રેકર્ડ જોઈને જણાવેલ છે કે, હાલના કામમાં નામદાર કોર્ટ સદર સવે નંબર બાબતે હુકમ કરવામાં આવે તો અમોને વાંધો નથી તથા મૌખિક રજુઆત છે કે, અમોને સબબ સર્વે નંબર બાબતે વધુ કોઈ પુરાવો આપવો નથી તથા વધુ કોઈ દલીલ પણ નથી તથા અરજદાર તરફે પણ કોઈ પુરાવો આપવો નથી કે અરજી તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ સિવાય કોઈ રજુઆત નથી. આમ, આંક-૧૭ તથા આંક-૧૪, ૧૫, ૧૬ થી પુરસીસ બંને પક્ષકારે રજુ કરેલ છે. તેથી તે મુજબ દલીલો બંને પક્ષકારોની સાંભળેલ છે.

(૪) ઉપરોક્ત નામ. ગુજરાત હાઈકોર્ટના હુકમને આધીન બંન્ને પક્ષકારોને સાંભળ્યા અને રેકર્ડ ધ્યાને લીધું. તે હાલના કામમાં તા.૩૧/3/૨૦૧૧ ના રોજ એલ.એ.આર. નં.૭૬૭/૨૦૦૬ થી ૭૭૭/૨૦૦૬ નો ગ્રુપ મેટરનો ચુકાદો આપવામાં આવેલો. જે જેમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ ની કલમ-૧૮ હેઠળનો છે. જેમાં પાના નં.૭ ઉપર એલ.એ.આર. નં.૭૬૭/૨૦૦૬ ના સર્વે નં.૮૦ સંપાદન ક્ષેત્રફળ ૦-૧૬-૦૨ જે સંદર્ભે રેકર્ડ

ચકાસણી કરવામાં આવે તો પરિશિષ્ટ-૬ જમીન સંપાદન સીપુ યોજના પાલનપુર એલ.એ.આર. કેસ નં.૨૦/૧૯૯૮ ના કામે મુમુન યાસીન સુલેમાન ચાટાવાડા સિદ્ધપુરમાં સર્વે નં.૮૦ અને ૮૧ દર્શાવેલા છે. જેમાં સવે નં.૮૦ નું ક્ષેત્રફળ ૦-૧૬-૦૨ તથા સવે નં.૮૧ નું ક્ષેત્રફળ ૦-૧૬-૯૨ જણાવેલું છે અને તે મુજબ નાયબ કલેક્ટર તા.૧૬/૦૯/૧૯૯૯ ના રોજ હુકમ કરેલો છે. વધુમાં આ નાયબ કલેક્ટર શ્રી એ પત્રક જેમાં પણ બે સર્વે નં.૮૦ અને ૮૧ બતાવેલા છે. આમ, રેકર્ડ જોતાં પાટણના મે. પ્રિન્સિપાલ સિનિ. સિવિલ જજ સાહેબશ્રી એ જે તા.૩૧/૦૩/૨૦૧૧ ના રોજ એલ.એ.આર નં.૭૬૭/૨૦૦૬ થી ૭૭૭/૨૦૦૬ ની ગ્રુપ મેટરમાં જે હુકમ કરેલો છે. તેમાં એલ.એ.આર. નં.૭૬૭/૨૦૦૬ ના કામે સર્વે નં.૮૦ લગત જ હુકમ કરેલો છે તેવું જણાય છે તથા સર્વે નં.૮૧ કે જેનું ક્ષેત્રફળ ૦-૧૬-૯૨ નો ઉલ્લેખ થયેલ હોય તેવું જણાતું નથી. જ્યારે આ સવે નં.૮૧ વાળી જમીન પણ એકવાયર કરવામાં આવેલ છે. તેનો પણ રેફરન્સ કોર્ટ સમક્ષ કરવામાં આવેલો. પરંતુ સર્વે નં.૮૧ વિશે સદરહું કોર્ટના તા.૩૧.૦૩.૨૦૧૧ ના ચુકાદામાં ઉલ્લેખ જણાઈ આવતો નથી. જેથી તે મુજબનો ચુકાદામાં સુધારો કરવાનું યોગ્ય જણાય છે. તેથી હાલની અરજી મંજુર કરવી ન્યાયોચીત જણાય છે. તે સંદર્ભે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## ~~ હુકમ ~~

(૧) સદરહુ અરજી આથી મંજુર કરવામાં આવે છે તથા સદરહું એલ.એ.આર. નં.૭૬૭/૨૦૦૬ ના કામે નામ. કોર્ટે તા.૩૧/૦૩/૨૦૧૧ ના રોજ આપેલ ચુકાદાના પેરા નં.૮ પેજ નં.૭ ઉપર દર્શાવેલ જમીન સંબંધી વિગતોના કોષ્ટકમાં સર્વે નં.૮૧ કે જેનું ક્ષેત્રફળ ૦–૧૬–૯૨ છે. તે ઉમેરવાનો હુકમ કરવામાં આવે છે તથા એલ.એ.આર. નં.૭૬૭/૨૦૦૬ માં નીચે મુજબનો હુકમ કરેલ છે.

(૨) સામાવાળાઓને એવો હુકમ કરવામાં આવે છે કે, તેઓએ જમીન સંપાદન અધિનિયમની કલમ–૨૮ મુજબ ચુકવવાપાત્ર કુલ રકમ ઉપર વળતરની રકમ તથા કલમ–૨૩(૧)(એ) મુજબ ભાવ વધારાની રકમ તથા કલમ–૨૩(૨) મુજબ સોલેશીયમની રકમ મળી કુલ જે રકમ થાય તે

રકમ ઉપર એલ.એ.આર. નં.૭૬૭/૨૦૦૬ ના કામે સર્વે નં.૮૧ સંપાદન ક્ષેત્રફળ ૦–૧૬–૯૨ હે.આરે.ચો.મી. વાળી જમીનનો કબજો લીધા તારીખથી પ્રથમ વર્ષ માટે વાર્ષિક ૯% અને ત્યારબાદ તા.૨૦/૦૨/૨૦૧૮ સુધીના સમય માટે વાર્ષિક ૧૫% મુજબ વ્યાજ ચુકવવું.

(૩) આ સિવાય એલ.એ.આર. નં.૭૬૭/૨૦૦૬ ના કામે આંક–૨૪ થી તા.૩૧/૦૩/૨૦૧૧ ના રોજ જે હુકમ કરવામાં આવેલ છે તે એલ.એ.આર. નં.૭૬૭/૨૦૦૬ ના સર્વે નં.૮૧ સંપાદન ક્ષેત્રફળ ૦–૧૬–૯૨ હે.આરે.ચો.મી.ને પણ લાગુ પડશે.

(૪) સદરહું હુકમની એક કોપી મુળ એલ.એ.આર. નં.૭૬૭/૨૦૦૬ થી એલ.એ.આર. નં.૭૭૭/૨૦૦૬ ના ગ્રુપ મેટરમાં આવેલ ચુકાદા સાથે રાખવી.

હુકમ આજ તા.૧૮ મી, માહે જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૮/૦૬/૨૦૨૬
પાટણ.

**(ધીરેન મનહરલાલ ચૌહાણ)**
**પ્રિન્સિપાલ સિનિયર સીવીલ જજ,**
**પાટણ.**
Code No.GJ–01006

**DSS**